# 112 ઈમરજન્સી 'તેજસ' નહીં 'મેમુ'

**2 કિમી** નજીકનાં ફાયર સ્ટેશનને બદલે 8 કિમી દૂરના પુણા સ્ટેશનને કોલ મળ્યો

**ડિંડોલી-**ગોડાદરામાં આગનો ધુમાડો લોકોના ઘરમાં પ્રવેશવા લાગ્યો હતો



સુરતઃ રાજ્યમાં ઈમરજન્સી સેવા માટે શરૂ કરાયેલી 112 હેલ્પલાઈનમાંથી મળતા કોલ સ્થાનિક ફાયર બ્રિગેડ માટે હવે અંતર અને લોકેશનની સમસ્યાને કારણે મુશ્કેલીરૂપ બની રહ્યા છે. ખાસ કરીને ઘટના સ્થળની નજીક ફાયર સ્ટેશન હોવા છતાં કોલ દૂર આવેલા ફાયર સ્ટેશનને ફાળવાતાં આગ અને બચાવની કામગીરીમાં સમય લાગી રહ્યો છે. આવી જ વધુ એક ઘટના મંગળવારે ગોડાદરા-ડિંડોલી વિસ્તારમાં સામે આવી હતી. જ્યાં બે થી અઢી કિલોમીટરના અંતરમાં ત્રણ ફાયર સ્ટેશન હોવા છતાં 8 કિલોમીટર દૂર આવેલા પુણા ફાયર સ્ટેશનને કોલ ફાળવાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, મંગળવારે સવારે 9 વાગ્યાના અરસામાં ગોડાદરા-ડિંડોલી વિસ્તારમાં આવેલી વ્રજધામ સોસાયટી પાસે આગ લાગતા ધુમાડો આસપાસનાં ઘરોમાં પ્રવેશવા લાગ્યો હતો. સ્થાનિક રહિશોએ તાત્કાલિક 112 હેલ્પલાઈન પર જાણ કરી હતી. 112 પરથી આ કોલ પુણા ફાયર સ્ટેશનને ફાળવવામાં આવ્યો હતો. કોલ મળ્યા બાદ પુણા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે રવાના થઈ હતી, પરંતુ સ્થળ સુધી પહોંચવા માટે ટીમે લાંબું અંતર કાપવું પડ્યું હતું. ટ્રાફિક સહિતની અડચણોને કારણે ફાયર બ્રિગેડને ઘટનાસ્થળે પહોંચતાં લગભગ એક કલાકનો સમય લાગ્યો હતો. પુણા ફાયર સ્ટેશનના અધિકારીના જણાવ્યા મુજબ, ઘટના સ્થળથી પુણા ફાયર સ્ટેશનનું અંતર આશરે 8 કિલોમીટર છે. જ્યારે તેની સરખામણીએ ડિંડોલી, કુંભાલ અને ઉધના ફાયર સ્ટેશન માત્ર 2 થી અઢી કિલોમીટરના અંતરમાં આવેલા છે. જો આ પૈકીના નજીકના ફાયર સ્ટેશનને કોલ મળ્યો હોત તો ગણતરીની મિનિટોમાં ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી શકી હોત. ઈમરજન્સી સેવાઓમાં દરેક મિનિટ મહત્વની હોય ત્યારે આવી ગૂંચવણ કામગીરીને અસર કરી શકે છે. સ્થાનિક ફાયર બ્રિગેડ દ્વારા 112માંથી મળતા કોલમાં ઘટના સ્થળનું યોગ્ય લોકેશન અને નજીકના ફાયર સ્ટેશન સુધી કોલ પહોંચે તેવી વ્યવસ્થા થવાની રાહ જોવાઈ રહી છે.

### બે દિવસ પહેલા પણ લિફ્ટ રેસ્ક્યુમાં પણ 112ના લોકેશનથી વિલંબ થયો હતો

રવિવારે કુબેરજી વર્લ્ડમાં છ લોકો લિફ્ટમાં ફસાયા હતા. નજીકના સ્ટેશનને બદલે અન્ય વિસ્તારમાં કોલ પહોંચ્યો હતો. 112ની કોલિંગ સિસ્ટમમાં લોકેશન અને વિસ્તારની ગૂંચવણને કારણે ફાયર બ્રિગેડને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાનો વધુ એક કિસ્સો ગત રવિવારે સામે આવ્યો હતો. ઓલપાડના સારોલી અને પુણા કુંભારીયા વિસ્તારમાં આવેલા સારોલી વિસ્તારમાં કુબેરજી વર્લ્ડ બિલ્ડિંગની લિફ્ટ ખોટકાતા છ લોકો અંદર ફસાઈ ગયા હતા. સ્થાનિકો દ્વારા 112 પર જાણ કરવામાં આવી હતી. જોકે, કોલ કયા વિસ્તારમાં ફાળવાયો તેને લઈને સર્જાયેલી ગૂંચવણના કારણે રેસ્ક્યુ ટીમને સ્થળે પહોંચવામાં સમય લાગ્યો હતો. ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચ્યા બાદ લિફ્ટમાં ફસાયેલા છ લોકોને બહાર કાઢ્યા હતા. સમગ્ર રેસ્ક્યુ કામગીરીમાં અંદાજે અડધો કલાકનો સમય લાગ્યો હતો. 112 સેવા શરૂ થયા બાદ આવી ઘટનાઓમાં ઘટના સ્થળનું ચોક્કસ લોકેશન અને નજીકના ફાયર સ્ટેશન સુધી કોલ પહોંચાડવાની વ્યવસ્થા અંગે સવાલો ઊભા થઈ રહ્યા છે.




# આપના લાંચિયા પૂર્વ કોર્પો.એ ફરી પાર્કિંગવાળા પાસે ૧૦ લાખ માંગ્યા

**રિંગ** રોડના મલ્ટિલેવલ પાર્કિંગમાં પહોંચી કોન્ટ્રાક્ટર અને મજૂરોને ધમકાવ્યા

સુરતઃ વર્ષ-૨૦૨૪માં પાર્કિંગ કોન્ટ્રાક્ટર પાસેથી રૂ.૧.૧૦ લાખની લાંચ લેતા ઝડપાયેલા આમ આદમી પાર્ટીના પૂર્વ કોર્પોરેટર હવે એ જ કોન્ટ્રાક્ટરના રિંગ રોડ સ્થિત મલ્ટિલેવલ પાર્કિંગમાં પહોંચી રૂ.૧૦ લાખ લેવાના હોવાનું કહી કોન્ટ્રાક્ટર સહિત મજૂરોને ધમકાવતા મામલો સલાબતપુરા પોલીસ મથકે પહોંચ્યો છે.

મોટા વરાછા વિસ્તારમાં રહેતા ૪૭ વર્ષીય હિતેશભાઈ કાળુભાઈ સવાણી સલાબતપુરા ખાતે મિલેનિયમ ટેક્સટાઈલ માર્કેટ નજીક પાર્કિંગનો કોન્ટ્રાક્ટ ધરાવે છે. તા.૨૩ સપ્ટેમ્બરના રોજ હિતેશભાઈ વતન ભાવનગર ગયા હતા. ત્યારે વિપુલ વશરામભાઈ સુહાગીયા તેમની ગેરહાજરીમાં પાર્કિંગના સ્થળે આવીને માણસોને હિતેશભાઈને બોલાવવા જણાવ્યું હતું અને તેમની પાસેથી રૂ.૧૦ લાખ લેવાના હોવાનું કહી પૈસા નહીં આપે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. કામદારોને ગાળો પણ આપી હતી.

આ બનાવની જાણ થયા બાદ હિતેશભાઈ સુરત પરત આવ્યા હતા. ત્યારબાદ તા.૨૮ સપ્ટેમ્બરના રોજ વિપુલ ફરી ધંધાના સ્થળે આવ્યો હતો અને ટેન્ડર ખોટી રીતે ભર્યું હોવાનું કહી જગ્યા ખાલી કરવા તથા પોતાના રૂ.૧૦ લાખ આપવા દબાણ કરી નહીં આપે તો મારી નાખવાની ધમકી આપી હતી. તા.૨ ઓક્ટોબરના રોજ પાછો વિપુલ સુહાગીયાએ આવીને 10 લાખ માંગી ધમકી આપતાં હિતેશભાઈએ સલાબતપુરા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.



### હવે ચોક ચાર રસ્તાથી મુગલીસરા તરફ જઈ શકાશે પરંતુ

# 5 વર્ષ બાદ રોડ ખૂલ્યો અને પહોળાઈ માત્ર 10 ફૂટ, કેવી રીતે વાહનો જશે?

**મેટ્રોના** કામે 31 ડિસેમ્બર -2021થી રસ્તો બંધ હતો; બે કમિશનરો બદલાઈ ગયા છતાં રોડ ન ખૂલ્યો

**હવે** નવરાત્રિ-દિવાળીના પગલે ઉતાવળે રસ્તો ખોલાયો

સુરત : પાંચ વર્ષ સુધી મેટ્રો રેલ પ્રોજેક્ટના નામે બંધ રહેલો ચોકબજારથી તાપીભવન જવાનો રસ્તો આખરે મંગળવારની મોડી રાત્રે ખોલી દેવામાં આવ્યો છે.

31 ડિસેમ્બર 2021થી બંધ રહેલા આ રસ્તાને લઈને તાપીપુરા સહિતના સ્થાનિકો વર્ષોથી હેરાન હતા. રસ્તો બંધ થયો ત્યારથી અત્યાર સુધીમાં મનપાના બે કમિશનર શાલિની અગ્રવાલ અને એમ. નાગરાજનની બદલી થઈ ગઈ, પરંતુ તેમના કાર્યકાળ દરમિયાન આ રસ્તો જાણે નકશા પરથી જ ગાયબ હોય તેવી સ્થિતિ રહી હતી.

હવે પાંચ વર્ષ બાદ રસ્તો ખુલતાં સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો છે. પરંતુ મનપા અને મેટ્રો તંત્રએ પાંચ વર્ષ પછી પણ લોકોને આખો રસ્તો' નહીં પરંતુ માત્ર 10 ફૂટ જેટલી રાહત આપી હોય તેવી સ્થિતિ છે. મેટ્રોનું કામ જ્યાં માત્ર થોડા હિસ્સામાં જ ચાલી રહ્યું છે ત્યાં રસ્તો માંડ 10 ફૂટ જેટલો ખુલ્લો કરવામાં આવતા કાર અને અન્ય ફોર-વ્હીલર ચાલકો માટે પસાર થવું હજુ પણ પડકારરૂપ રહેશે. પરિણામે તાપીપુરાના રહેવાસીઓમાં ખુશી કરતાં નારાજગી વધુ જોવા મળી રહી છે.

### 10 ફૂટનો જ રસ્તો હોવાથી સામસામે વાહનો અથડાય તેવી સ્થિતિ

31 ડિસેમ્બર 2021થી રોડ બંધ થતાં સ્થાનિકોને લાંબો ચક્કર મારીને અવરજવર કરવાની ફરજ પડી હતી. વર્ષો સુધી મેટ્રોનું કામ ચાલતું રહ્યું, અધિકારીઓ બદલાતા રહ્યા અને સ્થાનિકોની રજૂઆતો પણ થતી રહી, પરંતુ રસ્તો ખોલવાનો પ્રશ્ન ઠેરનો ઠેર રહ્યો. હવે નવરાત્રી અને દિવાળીના તહેવારો નજીક આવતા મોડી રાત્રે રસ્તો ખોલી દેવાયો છે, પરંતુ રસ્તાની પહોળાઈ જોતાં આ રાહત પણ અધૂરી હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. મનપાના અધિકારીઓના જણાવ્યા મુજબ આ સ્થળે હજુ અંડરગ્રાઉન્ડ કામગીરી ચાલી રહી છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને હાલ જેટલો જરૂરી રસ્તો ખુલ્લો કરી શકાય તેટલો જ ખોલવામાં આવ્યો છે. તહેવારો દરમિયાન લોકોને ઓછી હાલાકી પડે તે હેતુથી હાલ પૂરતો રસ્તો ખોલાયો છે. અધિકારીઓએ વધુમાં જણાવ્યું કે મેટ્રોનું થોડું કામ હજુ બાકી હોવાથી આગામી સમયમાં ફરી થોડા સમય માટે રસ્તો બંધ કરવાની જરૂર પડી શકે છે. બાકી રહેલી કામગીરી પૂર્ણ થયા બાદ રસ્તો સંપૂર્ણપણે ખુલ્લો કરવાની શક્યતા છે.

# પાણીની લાઈનમાં જોઈન્ટ માર્યા વિના પુરાણ થતાં રસ્તો ધસ્યો

**તાપીપુરામાં** રસ્તો ધસી પડ્યો ત્યાં ખોદકામ કરતા પોલ ખૂલી

**આગળ** ડ્રેનેજ ચેમ્બર હતી એટલે લાઇન અટકી ગઇ પણ ટીમાં જોઇન્ટ લગાવ્યો જ નહીં



સુરત : સુરત મનપાની મુખ્ય કચેરી તાપી ભવનથી માત્ર 300 મીટરના અંતરે આવેલા તાપીપુરામાં મનપાની કામગીરી સામે સવાલો ઉભા થયા છે.

વર્ષોથી ઓછા પ્રેશરથી પાણી મળવાની સમસ્યાના ઉકેલ માટે આઈ.પી. મિશન સ્કૂલ સામે નવી પાણીની ટાંકી અને નવું નેટવર્ક ઊભું કરવામાં આવી રહ્યું છે, પરંતુ આ જ નેટવર્કની લાઈનનું ફ્લશિંગ કરતાં ડામરનો રોડ ધસી પડ્યો અને મોટો ભુવો પડી જતાં કોન્ટ્રાક્ટરની કામગીરી સામે ભારે રોષ ફેલાયો હતો.

ગઈકાલે મોડી રાત્રે નવી પાઈપલાઈનમાં પાણીના પ્રેશરથી ફ્લશિંગ કરવામાં આવી રહ્યું હતું. દરમિયાન પાણીનો અતિશય પ્રવાહ રોડ પર ફરી વળ્યો અને અચાનક જમીનનું ધોવાણ થતાં ડામરનો રોડ બેસી ગયો હતો. જોતજોતામાં મોટો ભુવો પડી જતાં આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. શરૂઆતમાં નવી પાણીની લાઈન તૂટી ગઈ હોવાની ચર્ચા અને અફવા ફેલાઈ હતી, પરંતુ તપાસ બાદ સમગ્ર મામલો નવી લાઈન નાખવાની પદ્ધતિ અને ફ્લશિંગ સાથે સંકળાયેલો હોવાનું સામે આવ્યું હતું.

### ડ્રેનેજ ચેમ્બર નડી તો લાઇનનો છેડો ખુલ્લો જ રાખ્યો!

મનપાના કામમાં કોન્ટ્રાક્ટરની બેદરકારીનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો હતો. નવી લાઇન નાખતી વખતે વચ્ચે ડ્રેનેજની ચેમ્બર આવી જતાં પાઇપને બેન્ડ મારીને આગળ લઈ જવાને બદલે લાઇનનો છેડો ખુલ્લો રાખીને તેના પર માટી પૂરી દેવામાં આવી હતી. ત્યારબાદ જ્યારે ફલશિંગ માટે પાણીનું પ્રેશર છોડવામાં આવ્યું ત્યારે પાણી જમીનમાં ઘૂસી ગયું અને ધોવાણ થતાં રસ્તો બેસી ગયો હોવાની સ્થાનિકોમાં ચર્ચા હતી. મનપા હેડક્વાર્ટરથી આટલા નજીકના વિસ્તારમાં જ આવી સ્થિતિ સર્જાતા તંત્રની દેખરેખ અને કોન્ટ્રાક્ટરની કામગીરી સામે સવાલો ઉઠ્યા છે.

# હોટફિક્સ કચરામાં લાગેલી આગથી વીજ ટ્રાન્સફોર્મરમાં ધડાકા થયા

**કાપોદ્રામાં** રામરાજ્ય સોસાયટી નજીક ખુલ્લા મેદાનમાં આગ લાગતાં દોડધામ, ફાયર બ્રિગેડે આગ કાબૂમાં લીધી



સુરતઃ શહેરના કાપોદ્રા વિસ્તારમાં આવેલી રામરાજ્ય સોસાયટી નજીક સોમવારે રાત્રે આશરે 10:30 વાગ્યાના અરસામાં આગ લાગવાની ગંભીર ઘટના સામે આવી છે. રસ્તા પર ખુલ્લામાં ડમ્પ કરવામાં આવેલા હોટફિક્સના પ્લાસ્ટિક કચરામાં અચાનક આગ ભભૂકી ઊઠતાં જોતજોતામાં જ્વાળાઓ ઊંચી ઊઠવા લાગી હતી.

પ્લાસ્ટિકનો કચરો હોવાને કારણે આગે ઝડપથી રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતુ અને જોતજોતામાં આગ નજીકમાં આવેલા વીજ ટ્રાન્સફોર્મર સુધી પહોંચી ગઈ હતી. ટ્રાન્સફોર્મરમાં આગ પ્રસરી જતાં જ મોટો ધડાકો થયો હતો. જેના અવાજથી આસપાસના વિસ્તારમાં ભારે ડર અને દોડધામ મચી ગઈ હતી. આ બનાવ અંગે કાપોદ્રા ફાયર સ્ટેશનને જાણ કરવામાં આવતાં જ ફાયર ફાઈટરોની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ પર પૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### સમસ્ત વૈષ્ણવ વણિક પરિવારની મહિલા વિંગ દ્વારા ઉત્સવ મેળો યોજાયો




સુરતઃ સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર સુરત દ્વારા મહિલા વિંગના સહકારથી આગામી તહેવારોને અનુલક્ષીને સમાજના મહિલા ઉદ્યમીઓ અને નાના વ્યવસાયીઓ માટે SVVP ઉત્સવ મેળા'૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૪૦ જેટલા મહિલા અને યુવા સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમાજના અગ્રણીઓએ પ્રદર્શનની મુલાકાત લઈ સ્ટોલ ધારકો તેમજ આયોજક ટીમનો ઉત્સાહ વધાર્યો હતો.

### મંત્રાના ગોલ્ડન જ્યુબિલી વર્ષની ઉજવણી કરાશે, મંત્રી ગિરિરાજસિંહ હાજર રહેશે




સુરતઃ ધી મેન-મેડ ટેક્સટાઇલ્સ રિસર્ચ એસોસિએશન(મંત્રા) સ્થાપનાના 50માં વર્ષમાં પ્રવેશી રહ્યું હોવાથી તા. ૦૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સાંજે ૪.૦૦ કલાકથી અંબિકાનિકેતન ખાતે આવેલી હોટેલમાં વિશેષ ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે પત્રકાર પરિષદને સંબોધતા મંત્રાના પ્રમુખ રજનીકાંત બચકાનીવાલાએ જણાવ્યું હતું કે તા. ૦૯ ઓક્ટોબરના રોજ યોજાનાર આ વિશેષ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ભારત સરકારના કેન્દ્રીય ટેક્સટાઇલ્સ મંત્રી ગિરિરાજસિંહજી ઉપસ્થિત રહેશે. મંત્રાના ડાયરેક્ટર ડો. પંકજ ગાંધીએ મંત્રાએ છેલ્લા ૪૯ વર્ષ દરમિયાન હાથ ધરેલા વિવિધ રિસર્ચ પ્રોજેક્ટ્સ, સંશોધન પ્રવૃત્તિઓ તથા ટેક્સટાઇલ ઉદ્યોગને આપવામાં આવતી ટેકનિકલ અને સંશોધન સેવાઓ અંગે પ્રેસ મીડિયા સમક્ષ વિગતવાર માહિતી આપી હતી. આ પ્રસંગે મંત્રાના સેક્રેટરી પ્રફુલભાઈ ગાંધી ઉપસ્થિત રહ્યા હતા.

### વરાછા કો-ઓપ. બેંકને ત્રણ પ્રતિષ્ઠિત "સ્કોબા પ્રાઈડ એવોર્ડ"થી સન્માન



સુરતઃ અગ્રણી મલ્ટી સ્ટેટ શિડ્યૂલ્ડ સહકારી બેંક ધી વરાછા કો-ઓપ. બેંક લિ., સુરતને વર્ષ 2025-26ની કામગીરી બદલ દક્ષિણ ગુજરાતની અર્બન કો-ઓપ. બેંકોની વેરી લાર્જ કેટેગરીમાં ત્રણ પ્રતિષ્ઠિત "સ્કોબા પ્રાઈડ એવોર્ડ" એનાયત કરવામાં આવ્યા છે. બેંકના ચેરમેન નરેન્દ્રભાઈ કુકડીયા તથા વાઈસ ચેરમેન રાજેન્દ્રભાઈ બાંભરોલીયાએ બે વખત માઉન્ટ એવરેસ્ટ સર કરનાર આઈજી પ્રેમસિંઘજીના હસ્તે એવોર્ડ સ્વીકાર્યા હતા. બેંકના ચેરમેન નરેન્દ્રભાઈ કુકડીયાએ ત્રણેય એવોર્ડ બેંકના ડિરેક્ટર્સ, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો તથા સમગ્ર સ્ટાફને સમર્પિત કરતાં જણાવ્યું હતું કે, "આ સન્માન વરાછા બેંક પરિવારના દરેક સભ્યની મહેનત, નિષ્ઠા અને ગ્રાહકોના અતૂટ વિશ્વાસનું પરિણામ છે.

### ફેમિલી ફિઝિશિયન એસો. દ્વારા 'સૂરમયી સફર' કાર્યક્રમ યોજાયો



સુરતઃ ફેમિલી ફિઝિશિયન એસોસિએશનના પ્રોજેક્ટ 'બુઝુર્ગો કા હમસફર' અંતર્ગત સચિન ખાતે આવેલ હોલી પેલેસ (બ્રહ્મકુમારી સંસ્થા) ખાતે વરિષ્ઠ નાગરિકો માટે 'સુરમયી સફર' આરોગ્ય જાગૃતિ અને મનોરંજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આર.સી.સી. સચિન-કનકપુરના ચેરમેન પ્રકાશ ભાવસરે સ્વાગત પ્રવચન કર્યું હતું. મુખ્ય મહેમાન તરીકે પી.એસ.આઈ. સુનીતા સિંહ ઉપસ્થિત રહ્યા હતા. બ્રહ્મકુમારી ગુંજાદીદી, સવિતા દીદી અને માઉન્ટ આબુથી પધારેલા ગીતા દીદીએ પ્રાસંગિક પ્રવચન આપી તબીબોની નિસ્વાર્થ સેવોને બિરદાવી હતી. કાર્યક્રમમાં ડો. જયેશ તમાકુવાલા, ડો. દીપક-પિંકી મોદી, ડો. દીપક-ઇલા તોરાવાલા અને ડો. જયેન્દ્ર-પારુલ કાપડિયા દ્વારા વીતેલા જમાનાના લોકપ્રિય ગીતો રજૂ કરવામાં આવ્યા હતા.

### KSKP વિદ્યાલયના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભમાં દોડ સ્પર્ધામાં ઝળક્યા



સુરતઃ કે.એસ.કે.પી. માધ્યમિક અને ઉચ્ચ. મા. વિદ્યાલયનાં દોડવીરોએ ખેલ મહાકુંભ 2026-27 અંતર્ગત V.N.S.G.U યુનિવર્સીટી ખાતે આયોજિત અઠવાઝોન કક્ષાની દોડ સ્પર્ધામાં ધો-9 આર્ય ચિવલકર 600 મીટર દોડ સ્પર્ધા (અંડર-14 કેટેગરી)માં પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ, ધો-11 વ્રજ પટેલ 800 મીટર દોડ સ્પર્ધા (ઓપન કેટેગરી)માં દ્વિતીય ક્રમ મેળવી સિલ્વર મેડલ, ધો-11 ધ્રુવિલ પટેલ 400 મીટર દોડ સ્પર્ધા (અંડર-17 કેટેગરી)માં દ્વિતીય ક્રમ મેળવી સિલ્વર મેડલ, ધો-12 સ્તવન ગામીત 3000 મીટર દોડ સ્પર્ધા (ઓપન કેટેગરી)માં દ્વિતીય ક્રમ મેળવી સિલ્વર મેડલ અને વિશ્વ પટેલ 800 મીટર દોડ સ્પર્ધા (અંડર-17 કેટેગરી)માં તૃતીય ક્રમ મેળવી બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. શાળાના પ્રમુખ પી.બી. પટેલ, મંત્રી કે. એન. પટેલ, શિ.સ. કન્વીનર ચેલાભાઈ એસ. પટેલ સહિતના અન્યો દ્વારા અભિનંદન આપવામાં આવ્યા હતા.



# દબાણ હટાવવા ગયેલી મનપાની ટીમને ફેરિયાઓએ ઘેરી લીધી

**ભેસ્તાનમાં** ઉગ્ર બોલાચાલી થઈ પણ દબાણો હટાવવાની કામગીરી ચાલુ રખાઈ

સુરતઃ મંગળવારે ભેસ્તાન વિસ્તારમાં મનપાની ટીમ લારી-ગલ્લાના દબાણ હટાવવા માટે પહોંચી હતી. પાલિકાની ટીમ આવી પહોંચતા જ ફેરિયાઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી.દબાણ હટાવવાની કામગીરી દરમિયાન પાલિકાના કર્મચારીઓએ લારી-ગલ્લા સહિત રોજગાર માટે ઉપયોગમાં લેવાતા વજનકાંટા પણ જપ્ત કરવાનું શરૂ કરતા જ સ્થિતિ વણસી હતી. વજનકાંટા અને અન્ય સામાન જપ્ત કરાતા સ્થાનિક ફેરિયાઓ ભારે આક્રોશમાં આવી ગયા હતા અને મોટી સંખ્યામાં એકત્ર થઈને પાલિકાની આખી ટીમને ચારેય તરફથી ઘેરી લીધી હતી. ફેરિયાઓ અને કર્મચારીઓ વચ્ચે તીખી બોલાચાલી થતાં મામલો સામસામે ઘર્ષણ સુધી પહોંચી ગયો હતો અને ભારે હોબાળો મચ્યો હતો. આમ છતાં, પાલિકાની ટીમે દબાણ હટાવ્યા હતા.

# 89 રેસ્ટોરન્ટની તપાસમાં વધુ 41માં ખામી, તમામને નોટિસ

**તમામ** ઝોનમાં સરપ્રાઈઝ ચેકિંગ, રૂ.1,00,900નો દંડ ફટકારાયો

**શંકાસ્પદ** ખાદ્ય પદાર્થના 34 નમૂનાઓ લેવામાં આવ્યા, 15 કિલોના જથ્થાનો નાશ કરાયો

**રેસ્ટોરન્ટમાં** ચેકિંગની કામગીરી આગામી દિવસોમાં પણ ચાલુ જ રહેશે

સુરતઃ મનપાના આરોગ્ય વિભાગ દ્વારા તમામ ઝોનમાં આવેલી રેસ્ટોરન્ટોમાં ઘનિષ્ઠ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ 89 રેસ્ટોરન્ટોમાં ચકાસણી કરવામાં આવી હતી, જેમાંથી ગંભીર અનિયમિતતાઓ અને ક્ષતિઓ જણાતાં 41 સંસ્થાને નોટિસ આપવામાં આવી હતી.

તપાસ દરમિયાન 34 ખાદ્ય પદાર્થોના શંકાસ્પદ નમૂનાઓ લેવામાં આવ્યા હતા, જ્યારે અસ્વચ્છ અને અખાદ્ય એવા કુલ 15.20 કિલોગ્રામ જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત નિયમોના ભંગ બદલ વિવિધ એકમો પાસેથી કુલ રૂ. 1,00,900નો વહીવટી ચાર્જ પણ વસૂલ કરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા ભવિષ્યમાં પણ આવી કડક ચકાસણી ચાલુ રાખવાની ચિમકી આપવામાં આવી છે. સાથે સાથે ખામી દેખાશે તો નોટિસ આપીને સીલ પણ કરાશે.




# કેપી ગ્રુપે સઉદી અરેબિયાની બે કંપનીને ટેકઓવર કરી

**ટેકઓવર** બાદ કેપીની પાવર પ્રોડ્યુસની ક્ષમતા 1.67 GW સુધી પહોંચશે

મુંબઈ : સુરતના કેપી ગ્રુપે 30 સપ્ટેમ્બરના ઈન્વેસ્ટર ડે નિમિત્તે અહીં KP 3.0 રજૂ કર્યું અને FY32 માટે સુધારેલી પ્રતિબદ્ધતાઓની જાહેરાત કરી. કેપી ગ્રુપના ફાઉન્ડર, ચેરમેન-એમડી ડો. ફારુક જી. પટેલે કહ્યું હતું કે, "ગ્રુપે હાલમાં જ બે કંપનીનું અધિગ્રહણ કર્યું છે. સઉદી અરબેયાના મોટા ગ્રુપ અલફનાર એનર્જી પ્રા.લિ. અને નેત્રા વિન્ડ પ્રા.લિ. સાથે બાઈન્ડિંગ ઓફરમાં પ્રવેશ કર્યો છે. આ ઓફર હેઠળ ગુજરાતના કચ્છમાં કાર્યરત 507.9 MWના વિન્ડ એનર્જી એસેટ્સનું આશરે રૂ.2,410 કરોડના એન્ટરપ્રાઈઝ વેલ્યુ પર અધિગ્રહણ કરવામાં આવશે. આ અધિગ્રહણ બાદ કેપીઆઈ ગ્રીન એનર્જીની ઈન્સ્ટોલ્ડ ઈન્ડિપેન્ડન્ટ પાવર પ્રોડ્યુસર તરીકેની ક્ષમતા આશરે 1.67 GW સુધી પહોંચી જશે. એ ઊપરાંત કેપીઆઈ ગ્રીન એનર્જી લિ.ની પેટા કંપની સન ડ્રોપ એનર્જીયા લિ.એ સોલાર ઈપીસી કંપની ડેક એન્ડ મારવિક્સ ગ્રીન એનર્જી લિ.માં 100% ઈક્વિટી હિસ્સો (55.8 કરોડ) હસ્તગત કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે.